**IN THE 30th ADDI. CHIEF JUDICIAL MAGISTRATE'S COURT AHMEDABAD CITY**

**KRUSNANAGAR POLICE STATION FIRST OFFENCE REG.NO.11191013240690 OF 2024**

(૧) આરોપીઓ ની જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ ના વિ.વ.શ્રીની દલીલો સાંભળી, આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો જોતાં, આરોપીઓ સામે આઈ. ટી. એકટની કલમ–૬૬, ૬૬(બી) તથા ઈ. પી. કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦ (બી) મુજબના આક્ષેપ છે અને તે મુજબની ફરીયાદ નોંધાયેલ છે અને આ ગુનામાં મહતમ સજાની મર્યાદા ૭ વર્ષથી વધુ નથી. આરોપીઓ કયાંય નાસી, ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોને આધીન સધ્ધર જામીન આપવા તૈયાર છે તથા આરોપીઓના ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ ધ્યાને લેતાં તે ૭ વર્ષથી વધુ સજાની ન હોય તે કારણને ધ્યાને લેતાં તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપીઓને જામીન આપવા અરજ કરેલ છે.

(૨) એ.પી.પી.શ્રીની દલીલો જોતાં, આરોપીઓ સામે પ્રથમદર્શનિય ગુનો છે. આરોપીઓ ગંભીર ગુનામાં સંડોવાયેલા છે. તેથી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીઓ ની જામીન અરજી રદ કરવા દલીલ કરેલ છે.

(૩) હાલના કામે એફ.આઈ.આર. તથા સમગ્ર કેસ પેપર્સ ધ્યાને લેતાં, હાલના આરોપીઓ સામે આઈ. ટી. એકટની કલમ–૬૬, ૬૬(બી) તથા ઈ. પી. કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. વધુમાં આ ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ૭ વર્ષથી વધુ સજાને પાત્ર નથી. આરોપીઓ સામે ગુનાનો આક્ષેપ છે તે જોતાં નજીકના ભવિષ્યમાં ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે અને આરોપીઓને જેલમાં બેસાડી રાખવામાં આવે તો પ્રિકન્વીકશન બરાબર ગણાય તેમ હું માનું છું. જેથી આરોપીઓએ ભજવેલ ભાગ જોતાં, આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭ પર જામીન મુકત કરવાનું વ્યાજબી જણાય છે. આથી આરોપીઓ સધ્ધર જામીન આપવા તૈયાર છે તે સંજોગો ધ્યાને લેતાં આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આરોપી નં.(૧) પિયુષ ઉર્ફે ભાણો વ્રજલાલ પટેલ, (૨) દર્શનકુમાર ઉર્ફે ચકો ઉર્ફે લાલો સુરેશભાઈ પટેલ ની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. વધુમાં તેવો આદેશ કરવામાં આવે છે કે દરેક આરોપીએ રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો આપ્યેથી નીચેની શરતોએ જામીન પર મુકત કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) અરજદાર/આરોપીઓને ત.ક.અધિકારીશ્રી જયારે અને જયા બોલાવે ત્યા અને ત્યારે તપાસની કાર્યવાહીમાં સાથ અને સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીઓએ ફરીયાદપક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે લોભ, લાલચ કે પ્રલોભન આપી ફોડવાની કોશીશ કરવી નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે ધાકધમકી આપવી અપાવવી નહી.

(૩) અરજદાર/આરોપીઓએ ટ્રાયલના અંત સુધી દરેક મુદતે નિયમીત કોર્ટમા હાજરી પુરાવવી અને જો તેમ કરવામા કસુર કરશે તો આપોઆપ તેમના જામીન રદ્દ થયેલા ગણાશે.

(૪) અરજદાર/આરોપીઓએ ફરીથી આવા પ્રકારના કોઈપણ ગુનામા સંડોવાવવું નહીં.

હુકમ આજ રોજ તા.૧૭ મી જાન્યુઆરી સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૧૭/૦૧/૨૦૨૫**<br>**અમદાવાદ.** | **(શ્રી બી.પી મહીડા)**<br>**કોડ નં.-૦૧૧૨૨**<br>**૩૦ માં એડિ.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**અમદાવાદ.** |